અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા)ના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવામાં આવતાં તબીબી ભથ્થામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/ANS/e-file/17/2024/1919/A
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૧૨/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭/૧૧/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2022/1526/K

(૨) નાણા વિભાગના તા.૨૪/૦૯/૨૦૨૨ ના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૨૨/ઓ-૩૬૨/પગાર એકમ(ચ)

(૩) શિક્ષણ વિભાગનો તા.૨૮/૦૮/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક:ED/MIS/e-file/3/2022/2491/CH

(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૭/૦૫/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:વિજાક/અમશ/તબીબી ભથ્થુ/૨૦૨૫-૨૬/૧૨૭

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૨/૦૫/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:અજાક/ગ/આ.શા/૨૦૨૫/૨૯૨૪-૨૫

**આમુખ**:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના તા.૧૭/૧૧/૨૦૨૩ ના ઠરાવથી વિભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા)ના કર્મચારીઓને સાતમા પગાર પંચની ભલામણો પ્રમાણે તા.૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણાનો લાભ 'સ્કેલ ટુ સ્કેલ' ના ધોરણે આપવાનું ઠરાવેલ છે. સદરહુ ઠરાવની જોગવાઇઓને આધીન આશ્રમશાળાઓના કર્મચારીઓને પ્રતિ માસ રૂ.૩૦૦/- તબીબી ભથ્થું ચુકવવામાં આવે છે. નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તા.૨૪/૦૯/૨૦૨૨ ના ઠરાવથી રાજ્ય સરકારના તેમજ પંચાયત સેવાના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પ્રતિ માસ રૂ. ૩૦૦/- તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ. ૧૦૦૦/- ચુકવવાનું ઠરાવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૩) સામેના તા.૨૮/૦૮/૨૦૨૩

ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓને મળતા પ્રતિ માસ રૂ.૩૦૦/- ના તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ. ૧૦૦૦/- તબીબી ભથ્થું ચુકવવાનું ઠરાવેલ છે.વંચાણે લીધેલ ક્રમાંક(૪) સામેના તા.૧૭/૦૫/૨૦૨૫ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા તેમજ વંચાણે લીધેલ ક્રમાંક(૫) સામેના તા.૨૨/૦૫/૨૦૨૫ ના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા અનુક્રમે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા)ના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને ચૂકવવામાં આવતાં તબીબી ભથ્થાની હાલની માસિક રકમ રૂ.૩૦૦/- માં વધારો કરી પ્રતિમાસ રૂ.૧૦૦૦/- કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, આ વિભાગ હસ્તકની નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા(આશ્રમશાળા)ના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓને મળતા પ્રતિ માસ રૂ.૩૦૦/- ના તબીબી ભથ્થામાં વધારો કરી પ્રતિ માસ રૂ. ૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પૂરા) ચૂકવવા માટે આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગ મારફત સરકારશ્રીની તા.૨૮/૧૧/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ– આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઇલ–૨૦૨૫